ઇ-ટેન્ડરીંગ પ્રક્રિયામાં ટેન્ડર ફી
તથા બાનાની રકમ સ્વીકારવાની
પધ્ધતિમાં ફેરફાર કરવા બાબત.

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,

જલસેવા ભવન, સેકટર-૧૦-એ ગાંધીનગર.

પત્ર ક્રમાંક : કોમ્પ્યુટર/ઇ-ટેન્ડર/જીઆર/૧૭/૨૦૦૬/ ૫૪

તા. ૧૯/૨/૦૯

સંદર્ભ :- વડી કચેરીનો પરિપત્ર નં. ઇ-ટેન્ડર/જીઆર/૧૭/૨૦૦૬/૧૬૬ તા. ૧૭-૭-૨૦૦૮ તથા ૨૫૩ તા. ૧૫.૧૨.૨૦૦૮

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડમાં હાલમાં રૂપિય ૧૦.૦૦ લાખથી વધુ રકમનાં ટેન્ડરો ઇ-ટેન્ડર પધ્ધતિથી ઓનલાઇન મેળવવામાં આવે છે. જે અન્વયેની પધ્ધતિ બાબતે સંદર્ભીત પરિપત્રોથી વિગતવાર સૂચનાઓ આપવામાં આવેલ છે. આ બાબતે ઇ.એમ.ડી. રજૂ કરવાના સ્વરુપ અંગે મળેલી રજૂઆતો પર કાળજીપૂવર્ક વિચારણા કરી નીચે મુજબનો સુધારો કરવામાં આવે છેઃ

"ટેન્ડર માટે બાનાની રકમ (ઇ.એમ.ડી.) ડીમાન્ડ ડ્રાફટ ઉપરાંત ફીકસ ડીપોઝીટ રીસીટ તેમજ બેન્ક ગેરંટીના સ્વરૂપે પણ સ્વીકારી શકાશે." આ ઇન્સ્ટ્રુમેન્ટ અત્રેનાં પરિપત્ર નં. એબી/સીમે-૧-૨/ફા.નં.૩૫/૨૦૦૭-૦૮/૪૫૫૨ તા. ૧૯-૬-૦૮માં નિર્દીષ્ટ કરેલ બેન્કો તરફથી ઇસ્યુ કરેલ જ સ્વીકારવાનાં રહેશે.

સંદર્ભીત પરિપત્રોની અન્ય શરતો યથાવત રહે છે.

(બી.કે.શીંગાલા)
સભ્ય સચિવ

<u>નકલ રવાના</u>

- મુખ્ય ઇજનેરશ્રી (સર્વે)
- અધિક્ષક ઇજનેરશ્રી (સર્વે)
- કાર્યપાલક ઇજનેરશ્રી (સર્વે)